# <u>ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ,પાલનપુર</u>

બનાસ ડેરી, પો.બો.૨૦, પાલનપુર-૩૮૫૦૦૧

જી.એન.પી.સી.ટી /જળસંચય/ તા:- ૦૧/૦૩/૨૦૨૧

**<u>ટેન્ડર નોટીસ</u>**

ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ,પાલનપુર દ્વારા જન ભાગીદારીથી બૃહદ બનાસકાંઠા જિલ્લામાં જળ શક્તિ અભિયાન અંતર્ગત નક્કી કરેલ સ્થળો/સાઈટો ઉપરથી ખોદેલી માટીને જરૂરી વાહનો જેવા કે ૧૦ ટાયર આઈવા, હાઇડ્રોલિક ડમ્પર, હાઇડ્રોલિક ટ્રક, હાઇડ્રોલિક ટ્રોલી સાથેના ટ્રેક્ટરમા ટ્રસ્ટના સાધનો દ્વારા ભરી આપેલી માટીને નક્કી કરેલ જગ્યાએ ખાલી કરવા માટે સક્ષમ ઇજારદારોએ બનાસ ડેરીના આરોગ્ય કેન્દ્ર ખાતેથી ટેન્ડર ફી પેટે રૂ/. ૫૦૦/- (નોન રીફંડેબલ) ભરી ટેન્ડર કોપી મેળવી, ભરેલ ટેન્ડર કોપી સાથે રૂ..૨૦,૦૦૦/-(રૂપિયા વીસ હજાર પુરા)નો ડિમાન્ડ ડ્રાફ્ટ જોડી સીલબંધ કવરમાં તા.૧૦/૦૩/૨૦૨૧ ના સાંજના ૪.૦૦ કલાક સુધીમાં આરોગ્ય કેન્દ્રમા જમા કરાવવાનું રહેશે. ટેન્ડર મંજૂર અથવા નામંજૂર કરવાનો અધિકાર ટ્રસ્ટના માનદ મુખ્ય કાર્યકારી અધિકારીનો રહેશે. કામ કરવાની લાયકાત અને શરતો વેબ સાઈટ WWW.BANASDAIRY.COOP ઉપર મૂકવામાં આવેલ છે.

માનદ મુખ્ય કાર્યકારી અધિકારી

જી.એન.પી.સી.ટી- પાલનપુર

જી.એન.પી.સી.ટી /જળસંચય/ તા:- ૦૧/૦૩/૨૦૨૧

**<u>ટેન્ડર</u>**

**<u>કામનું ટૂંકું વર્ણન</u>:-** ગલબાભાઈ નાંનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ, પાલનપુર દ્વારા જન ભાગીદારીથી બૃહદ બનાસકાંઠા જિલ્લામાં જળ શક્તિ અભિયાન અંતર્ગત આ સાથે જોડેલ બીડાણ મુજબના સ્થળોએ તથા ટ્રસ્ટ દ્વારા નક્કી કરવામાં આવનાર બીજા અન્ય સ્થળોએ માટી એક જગ્યાએથી નિયત કરેલ જગ્યાએ લઇ જવાની રહેશે.

નક્કી કરેલ સ્થળ/સાઇટ ઉપર પોતાની માલિકી અથવા/અને ભાડાના વાહનો જેવા કે ૧૦ ટાયર આઈવા, હાઇડ્રોલિક ડમ્પર, હાઇડ્રોલિક ટ્રક, ટ્રેકટર(હાઇડ્રોલિક ટ્રોલી સાથેનું) હોય તેવા સક્ષમ ઇજારદારોએ દર્શાવેલ સ્થળ/સાઇટ ઉપર સૂચના અનુસાર ટ્રસ્ટના સાધનો દ્વારા ભરી આપેલ માટી જણાવેલ સ્થળ પર નાખવાની રહેશે.

- **<u>કામનો અંદાજીત જથ્થો</u>** : ૨૬૦ કલાક/માસ
- **<u>કામપૂર્ણ કરવાની સમય મર્યાદા</u>:-** બૃહદ બનાસકાંઠામા જી.એન.પી.સી.ટી દ્વારા નક્કી કરેલ સ્થળોએ ટેન્ડર મંજુર થયેથી દિન ૭(સાત)માં કામ શરૂ કરવાનું રહેશે. સદર કામનો ઓર્ડર મળ્યેથી કામના પ્રમાણમાં જી.એન.પી.સી.ટી દ્વારા નિયત કરેલ સમય મર્યાદામાં કામ પૂર્ણ કરવાનું રહેશે.

**<u>૧. કામ કરવાની લાયકાત</u> :-** આ પ્રકારના કામ માટે ૧૦ ટાયર આઈવા, હાઇડ્રોલિક ડમ્પર, હાઇડ્રોલિક ટ્રક, ટ્રેકટર(હાઇડ્રોલિક ટ્રોલી સાથેનું) માટી એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા માટે ઇજારદાર પાસે પોતાની માલિકી અથવા/અને ભાડા કરાર ઉપર હોવા જોઈએ.મશીનરી પોતાની માલિકીની/ભાડા કરાર ઉપર હોય તેની પૂરી વિગત સાથેનું બાહેંધરી પત્ર આપવાનું રહેશે.

**<u>૨. કામ બાબતની શરતો</u> :-**

(૧) ટેન્ડર સાથે જમા કરાવેલ ડીમાન્ડ ડ્રાફ્ટ, ભાવ મંજુર થયેલ ઇજારદાર સિવાયના ઇજારદારને પરત કરવામાં આવશે. **મંજુર થયેલ ઇજારદારને કામ પૂર્ણ થયે બાનાની રકમ પરત કરવામાં આવશે.**

(૨) જી.એન.પી.સી.ટી દ્વારા નક્કી કરેલ જગ્યાએ જ કામ કરવાનું રહેશે. તે સિવાય અન્ય કોઈ પણ જગ્યાએ ખોદેલ માટીનો ઉપયોગ ટ્રસ્ટના સુચન પ્રમાણે કરવાનું રહેશે.

(૩) ભાવ, લાગું પડતા ટેક્ષ સાથેના આપવાના રહેશે. ઇજારદારે ભાવ ભરતી વખતે સદર બાબતને ધ્યાનમાં લેવી.

(૪) સદર કામ સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું રેહશે, જો કામ પૂર્ણ થવામાં વિલંબ થશે તો કરેલ કામનુ પેમેન્ટ જી.એન.પી.સી.ટી દ્વારા અટકાવામાં આવશે તથા પેમેન્ટની શરતો મુજબ ચુકવવા પાત્ર રકમ નાં ૧૦% રકમ જપ્ત કરી, કામ અન્ય ઇજારદારશ્રી પાસે કોન્ટ્રાક્ટરના ખર્ચે અને જોખમે  કરાવવા માટે જી.એન.પી.સી.ટી.ને અધિકાર અબાધિત રેહશે.

(૫) અનિવાર્ય સંજોગોમાં સદર કામ દરમ્યાન કોઈપણ જાત નો પ્રશ્ન ઉપસ્થિત  થાય તો માનદ મુખ્ય કાર્યકારી અધિકારી, જી.એન.પી.સી.ટી દ્વારા લીધેલ નિર્ણય અંતિમ ગણાશે તેમજ સદર બાબતે  કોઈપણ પ્રકારનો વિવાદ ઉભો  થશે તો તે માટેનું ન્યાયનું કાર્યક્ષેત્ર પાલનપુર રહેશે.

(૬) જળશક્તિ સંચય અભિયાન અંતર્ગત ટ્રસ્ટ દ્વારા નક્કી કરવામાં આવેલ સ્થળોએ ટ્રસ્ટ દ્વારા મંજુર કરેલ ભાવો મુજબ ઇજારદારે અન્ય સાઈટો ઉપર પણ કામ કરી આપવાનું રહેશે.

(૭) ઇજારદારશ્રીએ પોતાની માલિકીની સાધન સામગ્રી હોય તો તેના રજીસ્ટ્રેશન(નોધણી)ના પુરાવાની નકલ જોડવાની રહેશે. જો ભાડેથી સાધન સામગ્રી લીધેલ હોય તો તેના ભાડા કરાર સાથે જોડવાના રહેશે.

3. **<u>પેમેન્ટ ચુકવણાની રીત</u>:-** ઇજારદારશ્રીએ અગાઉના મહિનામાં કરેલ કામનું બીલ તા.૧ થી ૫ સુધીમાં ટ્રસ્ટમા જમા કરવાનું રહેશે. ટ્રસ્ટ દ્વારા સદર બીલની ચકાસણી કરી તેનું ચૂકવણું તા.૧૦ થી ૧૫ સુધીમાં કરવામાં આવશે. સદર ચુકવણું ચેક/આરટીજીએસ/એનઈએફટી દ્વારા કરવામાં આવશે.

૪. **ટેન્ડરની શરતોમાં જો સુધારા વધારા કરવાની જરૂર જણાય તો તેની સંપૂર્ણ સત્તા** માનદ મુખ્ય કાર્યકારી અધિકારી, જી.એન.પી.સી.ટી ની રહેશે.

૫. ઇજારદારે સંપૂર્ણ સલામતીથી કામ કરવાનું રહેશે. છતાં પણ કોઈ આકસ્મિક બનાવ બને તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી ઇજારદારની રહેશે.